Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૧ લું. વિક્રમ સંવત ૧૯૬૦— વૈશાખ અંક ૧૦ મો.

## પ્રભુસ્તુતિ.

જેનું દર્શન સર્વથી અધિક થૈ આ ભારતે ગાજતું,
જે સત્તત્વ સુધા તણા રસ ભર્યા સ્યાદ્વાદથી રાજતું;
જેમાં વાદિ ગજેંદ્ર કેશરી બન્યા સર્વે સૂરિ પંડિતા,
તે શ્રી વીરજિનેંદ્રના ચરણમાં રહેજો મતિ મંડિતા. ૧

## શ્રી ગુરૂ ગુણ વર્ણન.

### શિખરણી.

પ્રતાપી પંજાબે પ્રગટ થઈ જે ઊત્તમ કુલે,
ધરી વિદ્યા વેગે બુધવર બન્યા બુદ્ધિ અતુલે;
તથાપિ ધાર્યો ને નિજ હૃદયમાં જ્ઞાન મદને,
પ્રણામો પ્રેમે તે વિજયિ વિજયાનંદ પદને; ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશી ચારિત્રે ચતુરમણિ જે જ્ઞાન ધરતા,
અખંડાનંદેથી ગુણધર ધરામાં વિહરતા;
ધરે જે વાણીમાં સુખકર સુધા સ્રોતવદને,
પ્રણામો પ્રેમે તે વિજયિ વિજયાનંદ પદને. ૨
રચી તે સદ્ગ્રંથો જિનમત પ્રસાર્યો જગતમાં,
ઊતાર્યો વેગેથી અતિમદ હતો જે કુમતમાં;
સમાજે સન્માને સૂરિપદ ધર્યું તીર્થ સદને,
પ્રણામો પ્રેમે તે વિજયિ વિજયાનંદ પદને. ૩
વિદાર્યું વેગેથી મથન કરી મિથ્યાત્વ બલને,
ઉગાર્યું આનંદે કુમત ભયથી ભૂમિ તલને;
સુધાર્યું સન્માર્ગે શ્રમણ કુલ રાખી સ્વહૃદને,
પ્રણામો પ્રેમે તે વિજયિ વિજયાનંદ પદને. ૪ અપૂર્ણ.

## ષટ્દર્શનોનું કમિશન.

(ગત અંકના પૃષ્ટ ૧૯૮ થી ચાલુ.)

બૌદ્ધદર્શને પોતાની જુબાની આપતાં જણાવ્યું કે, ભગવન્, પ્રત્યક્ષ અને અનુમાન એ બે પ્રમાણ વિષેજ નીચે પ્રમાણે પૂછા પૂર્વ અને ઉત્તરપક્ષ ચાલ્યા હતા—

**પુર્વપક્ષ**—તેનું કારણ શું?

**ઉત્તરપક્ષ**—જેનું જ્ઞાન પ્રત્યક્ષ ઇંદ્રિય દ્વારા થયેલું નથી તેવો પદાર્થ પરોક્ષ કોટિમાં આવે છે. જો એમ ન હોય તો અન્ય પદાર્થ વ્યવચ્છેદ પામી, સ્વરૂપમાં ભાસવા રૂપ જે પ્રત્યક્ષનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



परिच्छेद तेपण संभवे नहीं अने प्रत्यक्ष प्रमाणुथी कशुं ज्ञान थायज नहीं.

**पुर्वपक्ष**—पदार्थोनुं प्रतिनियत स्वरूप शेने लीधे व्यवस्थामां रहेल छे?

**उत्तरपक्ष**—पदार्थोनुं प्रतिनियत स्वरूप प्रमाणने लीधेज व्यवस्थामां रहेल छे.

**पुर्वपक्ष**—एम न मानीए तो शी हानि थाय?

**उत्तरपक्ष**—जो एम न मानीए तो सर्व ठेकाणे दोष प्राप्त थाय अने तेथी प्रतिनियत वस्तुनी व्यवस्थाने आधीन रहेलो जे व्यवहार छे तेनो उच्छेद थइ जाय.

**पुर्वपक्ष**—वस्तुनुं प्रतिनियत स्वरूप जो प्रत्यक्षथी जाण्युं न होय तो प्रत्यक्षथी तेनुं बीजुं रूप कयुं जणाय?

**उत्तरपक्ष**—जरा विचारी जुवो एनो अर्थज एवो थाय के, पदार्थना स्वरूपने प्रकाश करनार एवा प्रत्यक्षथीज बीजा प्रमेयनो स्पष्ट रीते अभाव सिद्ध थयेलो छे अनुमानथी पण बीजा प्रमेयनो अभाव साधी शकाय तेम छे,

**पुर्वपक्ष**—तेनुं कारण शुं?

**उत्तरपक्ष**—अन्योन्य विभागरूप जे होय तेनाथी जे अन्यनो व्यवच्छेद थाय-एटलाथीज कोइ अन्य पदार्थना विभागनी सिद्धि स्पष्टज छे.

**पुर्वपक्ष**—ते बाबत कोई प्रयोग छे?

**उत्तरपक्ष**—हा, ते बाबत एवो प्रयोग छे के, ज्यां जे प्र-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારના વ્યચ્છેદથી તેના કરતાં બીજા પ્રકારની વ્યવસ્થા હોય ત્યાં બીજા પ્રકારનો સંભવ નથી.

પુર્વપક્ષ—તે વિષે કોઇ દ્દષ્ટાંત હોય તો આપો.

ઊત્તરપક્ષ—તે વિષે એવું દ્રષ્ટાંત છે કે, જેમ પીલા વર્ણે નીલવર્ણથી વ્યવચ્છેદ કરતાંજ અનીલ વર્ણની વ્યવસ્થા થઇ રહે છે. તેમ અહિં સમજવું,

પુર્વપક્ષ—ત્યારે તે કેવા પ્રકારની વ્યવસ્થા થાય ?

ઉત્તરપક્ષ—પ્રત્યક્ષ અને પરોક્ષથી બીજા પ્રકારનો વ્યવચ્છેદ કરતાં ભિન્ન પ્રકારના વિષયમાં નહીં આવતા એવા પ્રમેયને વિષે પ્રત્યક્ષ અને પરોક્ષથી ભિન્ન પ્રકારની વ્યવસ્થા થાય.

પુર્વપક્ષ—તેવી વ્યવસ્થાનું કાંઇ બીજું નામ છે. ?

ઊત્તરપક્ષ—હા, તે વ્યવસ્થાનેજ **વિરૂદ્ધોપલબ્ધિ** કહે છે.

પુર્વપક્ષ—તે વિરૂધ્ધોપલબ્ધિ શી રીતે કહેવાય ?

ઉત્તરપક્ષ—જેમાં એક પ્રકાર સિદ્ધ છે તેમાં તેથી વિરૂદ્ધ બીજો પ્રકાર સિદ્ધ થતો નથી. માટે તે વિરૂધ્ધોપલબ્ધિ કહેવાયછે.

પુર્વપક્ષ—એથી અહીં શો લાભ થયો ?

ઉત્તરપક્ષ—એથી એમ સિદ્ધ થયું કે, બીજા પ્રમેયનો અભાવ સિદ્ધ થયો એટલે બે પ્રમાણ વિના કોઇ ત્રીજું પ્રમાણ છેજ નથી.

પુર્વપક્ષ—ત્યારે શબ્દ, ઊપમાન, અર્થાપત્તિ, આદિ પ્રમાણો છેજ નહીં એમ સમજવું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તરપક્ષ**—તે પ્રમાણો છે ખરા પણ તે બધાનો પ્રત્યક્ષ, અનુમાનમાં અંતર્ભાવ થઈ જાય, એટલે તેમને જુદા લેવાની જરૂર નથી. તે વિષે પ્રમાણ સમુચ્ચય અને સંમતિ વિગેરે સિદ્ધાંત ગ્રંથોમાં ઘણા વિસ્તારથી લખેલું છે.

**પૂર્વપક્ષ**—જ્યારે પ્રત્યક્ષ અને અનુમાનના ખરેખરા લક્ષણો તમે માનો છો તો પ્રત્યક્ષ અને અનુમાનના ખરેખરા લક્ષણો બતાવો.

**ઉત્તરપક્ષ**—અક્ષ એટલે ઇંદ્રિયો, તેઓથી જે જણાય તે પ્રત્યક્ષ કહેવાય છે. તે પ્રત્યક્ષ નામ, જાતિ, ગુણ, ક્રિયા અને દ્રવ્ય રૂપ કલ્પનાથી રહિત છે.

**પૂર્વપક્ષ**—તે નામાદિ કલ્પના વિષે દૃષ્ટાંત આપી સમજૂતી આપો.

**ઉત્તરપક્ષ**—જેમ ડિત્થ (શાખા પત્ર રહિત ઠુંઠું) તે નામ કલ્પના. ગાય એ જાતિ કલ્પના. શુક્લ એ ગુણ કલ્પના. પાવક (અગ્નિ) એ ક્રિયા કલ્પના. દંડી (દંડવાલો) તે દ્રવ્ય કલ્પના—આ બધી કલ્પનાથી રહિત એવું પ્રત્યક્ષ જ્ઞાન છે.

**પૂર્વપક્ષ**—જ્યારે કોઈ કલ્પના પ્રત્યક્ષમાં આવે નહીં ત્યારે પ્રત્યક્ષની ઉત્પત્તિ શેમાંથી થાય ?

**ઉત્તરપક્ષ**—પ્રત્યક્ષની ઉત્પત્તિ શબ્દ રહિત એવા પોતાના સ્વલક્ષણથીજ થાય છે અને તે વિષે કહ્યું પણ છે કે, પદાર્થમાં શબ્દ રહેલા નથી તેમ તે પદાર્થરૂપ નથી કે જેથી પદાર્થનું પ્રત્યક્ષ થતાં શબ્દનું પણ પ્રત્યક્ષ થાય આથી એમ સિદ્ધ થાય કે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થૂલ એવા ઘટપટાદિ બાહ્ય વસ્તુનું જે સવિકલ્પ જ્ઞાન થાય છે તે પ્રત્યક્ષ નથીજ.

પૂર્વપક્ષ—હવે બીજું પ્રત્યક્ષ પ્રમાણનું કાંઇ લક્ષણ છે ?

ઉત્તરપક્ષ—હા, જેવું ઉપર કહેલ કલ્પના રહિત પ્રત્યક્ષનું લક્ષણ છે તેવું પ્રત્યક્ષ ભ્રમ રૂપ નથી એ પણ તેનું લક્ષણ છે.,

પૂર્વપક્ષ—ભ્રમરૂપ એટલે શું ? તે સમજાવો.

ઉત્તરપક્ષ—જે વસ્તુ જેવી ન હોય તેને તેવી દેખવી તે ભ્રમ. તેવા ભ્રમને ગ્રહણ કરનારૂં પ્રત્યક્ષ નથી અર્થાત્ યથાર્થ જેવી વસ્તુ હોય તેનેજ ગ્રહણ કરનારૂં છે—એટલે યથાયોગ્ય રીતે પરસ્પર સંતાનરૂપે વળગેલી એવી નિર્વિકલ્પ અને ક્ષણે ક્ષણે ક્ષય પામવાવાલા પરમાણુરૂપે રહેલી જે વસ્તુ તેનું લક્ષણ જે સ્વલક્ષણ તેને યથાર્થ ગ્રહણ કરનારૂં પ્રત્યક્ષ છે. આ ઉપરથી એવાં પણ ભ્રાંતિમય, તૈમિરિક વિગેરે જ્ઞાનના પ્રત્યક્ષપણાનો નિષેધ થાય છે.

પૂર્વપક્ષ—એ પ્રત્યક્ષના કાંઇ ભેદ છે ખરા ?

ઉત્તરપક્ષ—હા, એ પ્રત્યક્ષ ચાર પ્રકારનું છે.

પૂર્વપક્ષ—તે ચાર પ્રકાર કયા ?

ઉત્તરપક્ષ—૧ ઈંદ્રિય પ્રત્યક્ષ, ૨ માનસ પ્રત્યક્ષ, ૩ સ્વસંવેદન પ્ર[illegible] અને ૪ યોગિજ્ઞાન પ્રત્યક્ષ.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યતિધર્મ અને શ્રાવકધર્મનો સંવાદ.

( પૂર્વ અંકના પૃષ્ટ ૨૦૨ થી ચાલું. )

યતિ ધર્મે શીતલ પવન નાખી શ્રાવકધર્મને સાવધાન કરી બેઠો કર્યો અને મધુર સ્વરે તે નીચે પ્રમાણે બોલ્યો—

**યતિધર્મ**—વત્સ, શાંત થાઓ તમારા આશ્રિત શ્રાવકોનો તેમાં બીલકુલ અપરાધ નથી. એ પાંચમા આરાનો પ્રભાવ છે. પૂર્વકાલે શ્રાવકવર્ગનો આચારશ્રેષ્ટ ગણાતો હતો. ભરતચક્રીના સમયમાં શ્રાવકોની ભોજન પંક્તિ અલૌકિક હતી. તે પછીના મહારાજાઓ જ્યારે ભોજનથી સ્વામિ વાત્સલ્ય કરતાં ત્યારે પણ આચારથીજ શ્રાવકની ઓળખાણ થતી હતી. તેઓની શુદ્ધ પંક્તિમાં અનાચારી વર્ગ દાખલ ન થાય તેમાટે કાંકણી રત્નના શ્રાવકોના શરીર ઉપર ચિન્હ કરવામાં આવતા હતા. અનુક્રમે કાલચક્રને પ્રભાવે છેવટે ઉતરતા ઉતરતા સૂત્રોના સિન્હ થયા તે ચિન્હ બ્રાહ્મણાદિ ભિક્ષુકવર્ગે અત્યારસુધી ધારણ કરવા લાગ્યા અને આચારમાં ઊત્તમ ગણાતા શ્રાવકો તેથી જુદા પડયા પણ તેઓ કાળયોગે અનાચારમાં સપડાઇ ગયા. તે વિષે હવે શો અપશોષ કરવો. સુજ્ઞ શ્રાવકો પોતાના સદાચારનું પુનઃ અવલંબન કરે, એવો આપણે તેમને અંતઃકરણથી આશિર્વાદ આપવો કે, જેથી તેઓના સંસ્કારી હૃદયમાં પોતાના નષ્ટ થયેલા સદાચારને પુનઃ મેળવવા તેમની પવિત્ર ઈચ્છા ઊદિત થાય.

**શ્રાવકધર્મ**—ભગવન્, આપના અમૃતમય વચનથી મને જરા ધૈર્ય પ્રાપ્ત થયું છે. આપ જેવા દિવ્ય મહાત્માના આશીર્વાદથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ પાછા પૂર્વ સ્થિતિમાં આવે પણ કોઇ એવો લૌકીક ઉપાય બતાવો કે જેથી તેઓને આચાર સેવવાની ફરજ પડે.

**યતિધર્મ**—વત્સ, તેવો લૌકીક ઉપાય એક મારા સ્મરણમાં આવ્યો છે. તે એછે કે, જો એ વાત આપણી વિજયિની મહાસભા (કોન્ફરન્સ) પોતાના ધ્યાનમાં લે અને આચારમાં અવનતિ પામેલા શ્રાવકોને તે સુધારણા કરવા સૂચના કરે, તો તેઓ અનુક્રમે પશ્ચાત્તાપ સાથે પોતાનો પવિત્ર આચાર સેવવા ઉત્સાહિત થાય.

**શ્રાવકધર્મ**—કૃપાનાથ, આપે એ ઉપાય સર્વોત્તમ બતાવ્યો છે. હવે આપની દિવ્ય શક્તિથી જૈન કોન્ફરન્સના અગ્રેસરોની મનોવૃત્તિ ઉપર તે સૂચના પ્રગટ થાય, તેવો યત્ન કરવા કૃપા કરશો.

**યતિધર્મ**-ભદ્ર, ધૈર્ય રાખો આપણી વિજયિની મહાપરિષદાએ સંઘસુધારણા કરવાનું કાર્ય પ્રથમથીજ ધ્યાનમાં લીધું છે. તેની અંદર જૈનોને આચાર સુંધારવાની સૂચના કરશેજ. કોન્ફરન્સના અગ્રેસરો તેવી અગત્યની બાબત ભૂલી જાય તેવા નથી.

**શ્રાવકધર્મ**-ભગવન, હવે મને પૂર્ણરીતે ધૈર્ય પ્રાપ્ત થાય છે. મારા પુત્રોને સર્વ પ્રકારની ઉન્નતિનો માર્ગ દર્શાવનાર અને જૈન ધર્મના દિવ્ય તેજને પ્રકાશ કરનારી આપણી વિજયિની કોન્ફરન્સ સદા જયવંત રહો. એજ મારી શાસનપતિ દેવ પ્રત્યે પ્રાર્થના છે.

**યતિધર્મ**-વત્સ, હવે આપણે પોતપોતાને સ્થાને ચાલ્યા જઈએ. સમય ઘણો વિતી ગયો છે.. આપણે વાર્તાલાપ પણ ઘણો કર્યો છે. હવે કોઇ વિષય ચર્ચવા યોગ્ય રહ્યો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રાવકધર્મ**-ભગવન્, એક વાત સ્મરણમાં આવતાં હૃદયમાં પાછો ખેદ થવા લાગ્યો છે. તે વાત આપ જેવા પવિત્ર પુરૂષની આગલ જણાવતાં મને લજ્જા આવે છે. જ્યાં સુધી આપની આગલ તે વિષે ન જણાવું ત્યાં સુધી હૃદયમાં શલ્યની જેમ તે દુઃખ આપ્યા કરશે. પણ તેવી અપવિત્ર વાત જણાવવાને ઈચ્છા થતી નથી. તે વાત વક્તા અને શ્રોતા બંનેને અપવિત્ર કરે તેવી છે. પણ આપજેવા અતિ પવિત્ર પુરૂષને અપવિત્ર કરી શકે તેમ નથી. તથાપિ કહેવાને ઉત્સાહ આવતો નથી.

**યતિધર્મ**-ભદ્ર, ખુશીથી તે વાત જણાવો. જરા પણ શંકા લાવશો નહીં આપણી વચ્ચે પવિત્રતાનો સંબંધ રહેલો છે. જેમ મારા આશ્રિત મુનિઓના દુર્ગુણ જો હું છુપા રાખું તો તેથી મોટી હાનિ થવા સંભવ છે. તેમ તમે પણ જો તમારા આશ્રિત શ્રાવકોના દુર્ગુણ છુપા રાખશો તો શ્રાવક વર્ગ કોઇ કાલે સુધરી શકશે નહીં. દુર્ગુણ કે દુરાચાર જો છુપો રાખ્યો હોય તો તે વિષવૃક્ષની જેમ વૃદ્ધિપામી મોટી હાનિ કરે છે. એ દુર્ગુણ રૂપ વિષવૃક્ષને ઉચ્છેદ કરવું એ આપણો ધર્મ છે. દુર્ગુણને છુપાવવાથી અત્યારે જૈનપ્રજા અનેક સંકષ્ટ વેઠે છે. કોઈ કોઈ વાર શાસનની હીલણા પણ થયા કરે છે.

**શ્રાવકધર્મ**-ભગવન્, આપનું કહેવું યથાર્થ છે, હવે કહેવાની હિંમત આવી છે. કૃપાનાથ, કહેતાં કંપારી છુટે છે કે, મારા આશ્રિત શ્રાવકોમાં એક અતિ દુષ્ટ દુરાચારે પ્રવેશ કર્યો છે. જે સાંભલી મને અપાર ખેદ થાય છે, એ દુરાચાર કન્યાવિક્રયના નામથી પ્રખ્યાત છે. શ્રાવક જેવા ઉત્તમ વર્ગમાં કેટલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક ભાગ એ દુરાચારનો ભોગ થઈ પડયો છે. કેટલાએક લુબ્ધ શ્રાવકો પોતાની પુત્રીઓને કરીયાણારૂપ ગણે છે. અને વાંછિત દ્રવ્ય લઇ તેમને વૃદ્ધ પુરૂષોને સોંપી દેછે. કેટલાએક યુવાન પુરૂષો પાસેથી પણ કન્યા દ્રવ્ય પડાવે છે. દ્રવ્યના લોભી અને લાલચુ વણિકો પોતાને ઘેર પુત્રીનો જન્મ થવાથી હર્ષ પામે છે અને ચંદ્રકલાની જેમ વૃદ્ધિ પામતી તે પરાધીન બાલા ઉપર ઊમદી આશાઓ બાંધે છે. તેવા કન્યાવિક્રય કરનાર ક્રૂર પિતાઓને સહસ્ત્રવાર ધિક્કાર છે.

આટલું કહેતાંજ શ્રાવકધર્મને મૂર્છા આવીગઈ. યતિધર્મે તેને ઉત્સંગમાં લઈ લીધો અને થોડી વારમાં શીતલ ઉપચારથી પુનઃસાવધાન કર્યો.

અપૂર્ણ.

# ગૃહસ્થાવાસમાં કેવળજ્ઞાની.

અનુસંધાન અંક સાતમાના પાના ૧૬૮ થી.

પૂર્વ ભવમાં આ મૃગાક્ષીની સાથે મને ગાઢ પરિચય થયો હોય એમ મારૂં મન મને સાક્ષી આપે છે. જો તેણીની સાથે મને પૂર્વ ભવનો કાંઈપણ સંબંધ નહોયતો આ ભવમાં તેની સાથેના લેશમાત્ર પરિચયવિના મારા ઉપર તેણીને પ્રેમ થાય નહીં વળી મને પણ તેણીના ઉપર મોહયુકત દૃષ્ટિપાત કરવાની ઇચ્છા થાયે નહિ. એ પ્રમાણે અંતઃકરણમાં વારંવાર ઇહાપો કરતાં દુર્લભ કુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થતાંજ તે વ્યંતરી સાથેના પૂર્વ ભવનો સંબંધ સાક્ષાત્કાર થયો અને આ દેવી પૂર્વ ભવની મારી પત્ની છે એવો દૃઢ નિશ્ચય થયો. તેણીની સાથે દિવ્ય ભોગ ભોગવવાની તીવ્ર જિજ્ઞાસા થતાં તે દેવીએ સ્વશક્તિવડે દુર્લભ કુમારના શરીરમાંથી અશુભપુદ્ગલો દૂર કરી શુભ પુદ્ગલોનો પ્રક્ષેપ કર્યો. જેના પ્રતાપથી દુર્લભ કુમારનું શરીર સુગંધમય થઇ ગયું. કુમાર પણ પોતાનું દિવ્ય શરીર થતાંજ મનોજ્ઞપણે સર્વ લજ્જાનો પરિહાર કરી તે વ્યંતરીની સાથે અનેક પ્રકારથી વિષય ભોગ રૂપ ક્રીડાઓ કરવા લાગ્યો. દેવતાઓ દિવ્યભોગમાં તલ્લીન થતાં કાલ નિર્ગમન સંબંધી તેઓને લેશમાત્ર સંકલ્પ થતો નથી તો મનુષ્ય દેહને દિવ્યભોગ પ્રાપ્ત થયા પછી તેને કાલ નિર્ગમન સંબંધી ચિંતા ન થાય તેમાં શું આશ્ચર્ય ! શ્રી સ્થાનાંગ સૂત્રમાં દેવ તથા મનુષ્ય સંબંધી ચારપ્રકારના ભોગનું સ્વરૂપ તીર્થંકર મહારાજે પ્રરૂપેલું છે. કોઇપણ દેવ, દેવાંગનાની સાથે વિષય ભોગ સંબંધી વિલાસ કરવાની ઈચ્છા કરે અને તેજ પ્રમાણે વર્ત્તે તે પહેલો ભેદ છે. પૂર્વ ભવના સંબંધથી વા અન્ય કારણથી કોઈપણ દેવ વા દેવાંગના કોઈપણ મનુષ્ય વા મનુષ્યણીની સાથે વિષય ભોગ સંબંધી વિલાસ કરવાની ઇચ્છા કરે અને તેજ પ્રમાણે વર્ત્તે તે બીજો ભેદ છે. અને તેવીજ રીતે કોઇ પણ મનુષ્ય વા મનુષ્યણી કોઈ પણ દેવી વા દેવની સાથે વિષય ભોગ વિલાસ કરવાની ઇચ્છા કરે અને તેજ પ્રમાણે પ્રવર્ત્તે તે ત્રીજો ભેદ છે. અને ચોથો ભેદ મનુષ્ય સ્વજાતિની સ્ત્રી સાથે વિષય ભોગ સંબંધી વિલાસ કરવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈચ્છા કરે અને તે પ્રમાણે પ્રવર્ત્તે છે. આ પ્રમાણે વિષય ભોગ સંબધી દિવ્ય વિલાસમાં દુર્લભ કુમાર નિમગ્ન થતાં તેને પોતાના માત પિતા વિગેરેનું સંપૂર્ણ વિસ્મરણ થઈ ગયું.

દુર્લભ કુમારનું યક્ષણીએ હરણ કર્યા પછી જ્યારે પોતાના પુત્રને ક્રીડાનો કાલ વ્યતીત થયા છતાં પોતાની પાસે આવેલો ન દીઠો અને સહચારીઓના મુખથી પોતાના પુત્રનો દૂર પ્રદેશમાં ગમન કરવા સંબંધી વૃત્તાંત સાંભળ્યો ત્યારે બહુ દિવસસુધી પોતાના પુત્રની શોધ ખોળ કરવા માંડી પરંતુ પુત્રનું મુખ દર્શન કોઈપણ રીતે થયું નહીં તેમ પુત્ર સંબંધી કાંઈપણ સમચાર મળી શક્યા નહીં તેથી પૂત્રના વિયોગના દુઃખથી માત પિતા બને અતિશય દુખીઆ થઈ ગયા. કોઇ બળવાન મનુષ્ય પોતાથી અલ્પ બલવાળા મનુષ્ય પાસેથી કોઇપણ વસ્તુનું હરણ કરી લઈ જાય તો તે વસ્તુ પણ જ્યારે તે અલ્પ બળવાળા મનુષ્યથી પુનઃ સંપાદન થઇ શકતી નથી તો દેવતાએ જે વસ્તુનું હરણ કર્યું હોય અને તે પણ ગુપ્ત રીતે હરણ કર્યું હોય તેવા પ્રસંગમાં મનુષ્ય પોતાની દેવતાથી હરણ થયેલી વસ્તુને પુનઃ પ્રાપ્ત કરવામાં કેવી રીતે સમર્થ હોઇ શકે? મનુષ્ય અને દેવની શક્તીમાં બહુજ અંતર છે એમ સિદ્ધાન્તમાં પ્રરૂપેલું છે.

આ પ્રમાણે દુર્લભ કુમારનો બહુ કાલ સુધી વિયોગ રહેવાથી તેના માતપિતા દુઃખાર્ત થઈ ગયા અને પોતાના પુત્ર સંબંધી વર્ત્તમાન જાણવાની તીવ્ર ચિંતા બની રહેલી હોવાથી કેવલી ભગવંતનો યોગ ચિંતવવા લાગ્યા. નજીક વનમાંજ કેવલી ભગવંત સુલોચન મહારાજ આવી સમોસર્યા છે એમ અનુચરોના મુખથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિવેદન થતાં તે રાજા તથા રાણીએ કેવલી ભગવંતની સન્મુખ આવી તેમને યથા વિધિ વંદના કરી પોતાના પુત્રના વિયોગ સંબંધી સર્વ વૃત્તાંત નિવેદન કર્યો અને પછી પુછ્યું કે હે ભગવંત અમારો પુત્ર ક્યાં ગયો? શું તેનું કોઈએ હરણ કર્યું છે! જો તેનું કોઈએ હરણ કર્યું હોય તોપણ તેનું શરીર અત્યાર સુધી વિદ્યમાન છે કે કેમ? તે સર્વ બીના જણાવવા અમારી ઉપર સંપૂર્ણ કૃપા કરો. ત્યારબાદ તે કેવલી ભગવંતે દુર્લભકુમાર અને ભદ્રમુખી યક્ષણી સબંધી સર્વ વૃત્તાંત અથથી તે ઇતિ સુધી રાજાને સંભળાવ્યો તે સાંભળી દ્રુમક રાજા અત્યંત આશ્ચર્ય પામવા લાગ્યો. અને રાજાએ પ્રશ્ન કર્યો કે હે ભગવંત મનુષ્યના મળમૂત્રવાળા દુર્ગંધમય અપવિત્ર શરીરને હરણ કરી લઇ જવાની અને તેની સાથે ભોગ વિલાસ કરવાની દેવ વા દેવીને ઈચ્છા થાય એમ કેમ હોઈ શકે? કારણકે સિદ્ધાંતમાં કહ્યું છે કે મનુષ્યના શરીરના મળમૂત્રની દુર્ગંધ તથા પશુના કલેવરની દુર્ગંધ મનુષ્ય લોકથી ચારસો વા પાંચસો યોજન સુધી ઉંચે ઉછળે છે અને તે દુર્ગંધના કારણથી દેવતાઓ મનુષ્યલોકમાં આવવાની ઈચ્છાજ કરતા નથી તેથી હે સ્વામી આ ભદ્રમુખી યક્ષણી મારા પુત્રનું મનુષ્યનું શરીર હોવા છતાં તેનું હરણ કરવાને તેણીને કેમ ઈચ્છા થઇ? કેવલી ભગવંતે કહ્યું કે હે રાજન્ તમારા પુત્રની સાથે તે યક્ષણીને જન્માંતરનો સ્નેહ સંબંધ અત્યંત ગાઢ હતો અને તે ગાઢ સંબંધના કારણથી તમારા પુત્રની સાથે તીવ્ર ભોગ વિલાસ કરવાની વાંછા તેણીને બની રહેલી હોવાથી તમારા પુત્રનું હરણ કરી તેને પોતાના ભુવનમાં સ્વસ્થ કરી, આસ્વાસન આપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમ ઉત્પન્ન કરાવી, અશુભ પુદ્‌ગલોનું તમારા પુત્રના શરીરમાંથી સંહરણ કરી અને તેજ શરીરમાં શુભપુદ્‌ગલોનો સંચાર કરી તેની સાથે મનોજ્ઞપણે વર્ત્તે છે અને તે બંને જણા દિવ્ય ભોગવિલાસ કરતાં પોતાનો કાળ નિર્ગમન કરે છે.

કેવલી ભગવંતના વચનો શ્રવણ કરી રાજા ચિત્તમાં અત્યંત ચમત્કાર પામ્યો અને વિચારવા લાગ્યો કે અહો ! કર્મની કેવી ચિત્ર વિચિત્ર ગતિ છે ! કર્મ પરિણામ રાજા અતિ બલિષ્ટ છે અને તેના નચાવ્યા સર્વ પ્રાણિમાત્ર નાચ્યા કરે છે. સિદ્ધાંતમાં કહ્યું છે કે કર્મની અતિ ગહન ગતિ છે તે અક્ષરશઃ સત્ય છે. મારા રાજપુત્રની ઉપર દેવાંગના મોહ પામી તેનું હરણ કરી લઈ જાય આ બીના કેવલી ભગવંત શિવાય બીજાના મુખથી સાંભલી હું કેવી રીતે સત્ય માની શકું ? આ પ્રમાણે વિચાર કરતાં કરતાં વળી રાજાએ પુછ્યું કે હે ભગવંત અમારો પુત્ર અમારા આ ભવમાંજ અર્થાત્ અમારૂં શરીર વિદ્યમાન છતાં અમને પ્રાપ્ત થશે? અને અમે તેનું મનોહર મુખ નિહાળવાને ભાગ્યશાળી થઇ શું ? કેવલી ભગવંતે ઉત્તર આપ્યો કે રાજા તમારો પુત્ર આ ભવમાંજ તમને આવીને મળશે પરંતુ અત્રેથી અમે વિહાર કરી ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં ફરી આ વનમાં આવશું ત્યારે તમારો પુત્ર તમને સંપાદન થશે.

કેવલી ભગવંતના આ ઉત્તરથી અને ચમત્કારિક-ભવહરણી દેશના શ્રવણ કરવાથી દુર્લભ કુમારના માત પિતા ( રાજપત્ની તથા રાજા ) ને તીવ્ર સંવેગ ( મોક્ષાભિલાષ ) થયો અને પ્રચુર વૈરાગ્ય ઉત્પન્ન થતાંજ નિર્વેદ ( સંસારની ઉદાસીનતા ) રૂપ ભાવનાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચઢતાં કેવલી ભગવંતને વાંદી સ્વસ્થાનકે આવ્યા. પોતાના લઘુ પુત્રને રાજ્યાસન પર બેસાડી રાજ્ય સબંધી સર્વ સાર સંભાળ દિવાન, સામંતો વિગેરે રાજ્ય પુરૂષોને સુપ્રત કરી મહોત્સવ સહિત કેવલી ભગવંત પાસે આવી રાજા તથા રાણી બંનેએ ચારિત્ર ધર્મ અંગીકાર કર્યો. દસવિધ યતિધર્મ પ્રતિપાલન કરવા લાગ્યા.

બાહ્ય અને અભ્યંતર દ્વાદશ વિધ તપશ્ચર્યાને સેવવા લાગ્યા સત્તર વિધ સંયમ માર્ગને સુશોભિત કરવા લાગ્યા. બેંતાળીશ દોષ રહિત આહાર લઈ નિસંગપણે વિહાર કરવા લાગ્યા. અને એકાગ્રચિત્તથી માત્ર ધર્મ ધ્યાનમાંજ પોતાના આત્માને પ્રવર્તાવવા લાગ્યા. પંચ સમિતિએ સમિત અને ત્રણ ગુપ્તિએ ગુપ્ત એવા તે સાધુ સાધ્વી ( રાજા રાણી ) સાથે કેવલી ભગવંત વિહાર કરતાં કરતાં દેશો દેશ, નગરે નગર અને ગામો ગામ વિચરતાં તેજ કુર્મપુર નગરના તેજ વનમાં બીજા અનેક સાધુ સાધ્વીના પરિવાર સહિત આવીને સમોસર્યા.

અપૂર્ણ

---

# બનારસ જૈન સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓનો અભ્યાસ સંબંધી હેવાલ.

લખનાર કલકત્તા નિવાસી શા વલભજી હીરજી.

શ્રી આત્માનંદ પ્રકાશના તંત્રી યોગ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીચેનો હેવાલ આપના માસિકમાં દાખલ કરવા મેહેરબાની કરશો.

શ્રીમાન્ મુનિરાજશ્રી **ધર્મવિજયજી** ના અત્યંત સ્તુતિપાત્ર પ્રયાસથી બનારસ શેહેરમાં ન્યાય વિશારદ મહામહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** જૈન સંસ્કૃત પાઠશાલાનું સ્થાપન લગભગ એક વર્ષ થયા થયેલ છે એ બીના જૈન સમુદાય મધ્યેના મોટા ભાગને વિદિત છે અને તે સંબંધી પૃથક પૃથક લેખો વિવિધ માસિકમાં તથા જૈન પત્રમાં પ્રસિદ્ધ થયેલા છે તોપણ હાલમાં મારૂં જવું ત્યાં થવાથી જે હેવાલ સમગ્ર જૈનવર્ગને જાણવા યોગ્ય છે તે જણાવવા રજા લઉંછું કે—

આ પાઠશાળાની વાર્ષિક પરિક્ષા ચાલતા મે માસમાં લેવાની હોવાથી વેણીચંદભાઇ સુરચંદ મેસાણાવાળાની સાથે કલકત્તથી તા. ૩ મે ના રોજ બનારસ આવ્યો. દરમીયાન મુનિરાજે તથા વિદ્યાર્થીઓની પરિક્ષા લેવા સંબંધી કામકાજ ચાલતું હતું. વિદ્યાર્થીઓને જે પ્રશ્નો પુછવામાં આવતા હતા અને જે ઉત્તર વિદ્યાર્થીઓ આપતા હતા તે સાંભલતાં મને અત્યંત આહ્લાદ થયો હતો.

બનારસ શેહેર તથા તેની આસપાસના પ્રદેશમાં જૈન મુનિઓનો વિહાર નહીં હોવાથી કેટલાએક સ્થળે આ મુનિરાજોને જોઈ લોકો બહુજ આશ્ચર્ય પામતા હતા. કોઇપણ વખત જૈન મુનિનો વેષ જેનાથી જોવામાં આવ્યો ન હોય તેને નવાઈ લાગ્યા વિના રહેજ નહિ તેથી મુનિરાજો અને સાથેના માણસોને અજાણ્યા મનુષ્યો એમ પુછતા હતા કે શું તમે નાટકીયા છો ? એવા જુદા જુદા મનુષ્યોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધમાં આવતાં ધર્મ વિજયજી મહારાજ વિગેરે જ્યારે તેઓને શાંતિથી યથાસ્થિત બીનાની સમજ પાડતાં ત્યારે લોકો બહુજ ખુશી થતા હતા. જૈન મુનિઓના આચાર અને દેખાવથી કેટલાએક લોકો એમ પણ બોલતા હતા કે ફકીર, સન્યાસી કે ત્યાગી તો ખરેખર આવાજ જોઇએ જેઓ ગુજરાતથી અત્રે આવતાં રેલવેની સગવડ છતાં તેમાં નહીં બેસતાં, ઉઘાડે પગે ચાલતાં, અને અત્યંત કષ્ટ વેઠતાં છતાં મુંઝાતા નથી. માત્ર આત્મ કલ્યાણ સારૂ ધર્મનું જ્ઞાન સારૂ થાય તેટલા માટે આવે છે ધન્ય છે એવા ત્યાગીને આ પ્રમાણે અનેક મનુષ્યો જૈન મુનિયોની અનુમોદના કરતા હતા. એક મારવાડીએ જૈન ધર્મી નહી છતાં મુનિયોને દેખી પવિત્ર પ્રેમ થવાથી વિનંતિ કરી કે તમો અહીંથી (કાનપુરથી) હોડીમાં બેસીને સામે પાર જવાની ઇચ્છા રાખતા હોતો હોડીનો હું બંદોબસ્ત કરી આપું. ધર્મ વિજયજી મહારાજે તેને કહયું કે નદી આદિ ઉતરતાં સામો કિનારો દેખાતો હોય તો મુનિ હોડીમાં બેસી ઉતરી શકે પરંતુ એક બાજુનો જરા દૂરનો કિનારો ઉતરી શકાય એવો દેખાતો હોય તો મુનિથી હોડીમાં બેસી નદી ઊતરાય નહિ.

આવી રીતના પરિસહ સહન કરવાની રીતભાત તે મારવાડીના જાણવામાં આવવાથી તે અત્યંત ખુશી થયો અને બનારસમાં પણ અન્ય દર્શનીયો જૈન મુનિયોને દેખીને સાનંદાશ્ચર્ય પામ્યા.

એક વખત એવો પણ હતો કે બનારસમાં વિદ્યાસંપાદન કરવા સારૂ આવતા જૈન મુનિયોને પોતાનો વેશ પાલટવો પડતો હતો. શ્રી માન્ યશો વિજયજી તથા વિનયવિજયજી મહારાજઓને પણ એવી દશા ભોગવવાનો પ્રસંગ આવ્યો હતો. જૈન દર્શનના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમ પવિત્ર તે બંને યુવાન મુનિયોને વૈયા કરણી તથા નૈયાયિક થવામાં બાર વર્ષ પર્યંત ગુપ્ત વેશથીજ વર્ત્તન રાખવું પડયું હતું. જૈન મુનિયોને વિદ્યાભ્યાસમાં મદદ આપી કુશળ કરવા તે બ્રાહ્મણ પંડિતો અત્યંત અનુચિત ધારતા હતા, છતાં ગુપ્ત વેશમાં અભ્યાસ કરી આખરે શ્રી યશો વિજયજી મહારાજે આઠ મહા સભાઓમાં વિજય મેળવ્યો હતો અને છેવટની રાજ્ય સભામાં વિજય મેળવવાથી તે વખતના રાજાએ તેમને ન્યાય વિશારદની પદવી આપી હતી.

વર્તમાન કાળમાં પ્રતાપી બ્રીટીશ ગવર્નમેન્ટના ન્યાયી રાજ્ય સત્તાથી કોઈ પણ ધર્મવાળો બીજા ધર્મવાળાને વિદ્યાભ્યાસમાં વા બીજા તેના ધર્મ સંબંધી કાર્યમાં અડચણ કરવાને હિંમત ધરી શકતો નથી, જેનો લાભ લઇને શ્રી યશોવિજયજી મહારાજનું નામ સ્મરણ તથા તેમનો ઉપકાર જે જૈન સમુદાય ઉપર થયેલે છે તેનું પણ સ્મરણ કાયમ રહે તેટલા સારૂ શાંત મૂર્તિ મુનિરાજ શ્રી ધર્મ વિજયજીએ તેમના નામથી આ પાઠશાળા સ્થાપન કરાવેલી છે. આ પાઠશાળામાં કોઇપણ પ્રકારનો ગચ્છભેદ વા મતભેદ રાખવામાં આવેલો નથી. જેને વિદ્યાભ્યાસ કરવાની ઇચ્છા હોય તેને પાઠશાળાના નિયમાનુસાર દાખલ કરવામાં આવે છે.

આ પાઠશાળાની વાર્ષિક પરિક્ષા ગવર્નમેન્ટ કોલેજના પ્રોફેસર વૈયાકરણ શાસ્ત્રી તાતીયાજી ઉર્ફે રામકૃષ્ણ અને નૈયાયિક શાસ્ત્રી સિતારામજી પાસે લેવરાવવામાં આવી. મુનિરાજોએ ન્યાયની પરિક્ષા આપી અને બીજા વિદ્યાર્થીઓએ વ્યાકરણની પરિક્ષા આપી. તા ૧ લી મે થી તા ૩ જી મે સુધી પરિક્ષા લખવાની તથા મે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢાની બંને પ્રકારની પરિક્ષા લેવામાં આવી, જેનું પરિણામ સંતોષકારક આવેલું છે.

વિદ્યાર્થીઓ બહુજ ખંતથી સતત અભ્યાસ કરે છે તેનો એક દાખલો જાણવા યોગ્ય બન્યો છે તે એ છે કે બલદાણા ગામના રહીશ શા. વેલશી છગનલાલ નામના વિદ્યાર્થીને પગમાં ડિડિયારાનો વ્યાધિ થવાથી તેનું ઓપરેશન ( નસ્તર ) કરાવતાં ચારમાસ પર્યંત તેને હોસ્પીટાલમાં રાખવામાં આવ્યો હતો હોસ્પીટાલમાં રહેવા છતાં અભ્યાસ કરવાની પુર્ણ ખંત હોવાથી તેને અભ્યાસ કરાવવા સારૂ પંડિતજીને ત્યાં મોકલવામાં આવતા હતા. પોપટલાલ વિગેરે તેના સહાધ્યાયીઓ તેની સાર સંભાળ લેવા જતા હતા અને ધર્મવિજયજી મહારાજ તેને ધર્મોપદેશ આપવા નિરંતર અડધો કલાક જતા હતા. આ પ્રમાણે દિલાસો મળવાથી અને તેણે અભ્યાસ જારી રાખવાથી તે વિદ્યાર્થી પણ પરિક્ષામાં પાસ થયેલો છે.

સૌભાગ્યચંદ વસ્તાચંદ નામનો એક વિદ્યાર્થી પાઠશાળા સંબંધી સર્વ પ્રકારના હિસાબ રાખે છે અને પોતાના અભ્યાસમાં પૂર્ણ કાળજી રાખી તે પણ પાસ થયેલો છે.

પાઠશાળામાં સર્વ વિદ્યાર્થીઓ સદ્વર્તન સાથે સદાચાર પણ સારી રીતે પાળે છે. તમામ વિદ્યાર્થીઓ ઊષ્ણ જળ પીએ છે. એક માસમાં પાંચ મહાતિથિએ એકાસણા કરે છે. સાંજે પ્રતિક્રમણ કરે છે. નિરંતર સામાયિક કરે છે. કેટલાએક સચિત્તના પણ ત્યાગી છે અને અરસ પરસ સભ્યતાથી વર્તે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિક્ષાના મેલાવડા પ્રસંગે કેટલાએક ગૃસ્થો હાજર થયા હતા. મુનિરાજ શ્રી ધર્મ વિજયજીએ પ્રસંગને અનુસરી જ્ઞાનની ચમત્કારિક શકિત માટે અસરકારક ભાષણ આપ્યું હતું. ત્યાર બાદ પાલીતાણાની વીરબાઇ પાઠશાળાના સેક્રેટરી શીવજી ભાઈ દેવશીએ આ પાઠશાળાની ઉન્નતિ કેવી રીતે થાય તે વિષય ઉપર તેમજ પરમ કૃપાલુ ધર્મ વિજયજી મહારાજ તથા શ્રાદ્ધગુણ ગુમ્ફિત વેણીચંદ સુરચંદના આ પાઠશાળા સબંધી તેમનાથી લેવાતા અથાગ પ્રયાસ માટે તેમનો ઉપકાર માનવાના સંબંધમાં અસરકારક ભાષણ આપ્યું હતું. તેમની પછી શા. ઉજમશી ભૂદરદાસે સ્વરચિત **શ્રી યશો વિજયજી** મહારાજની નવ હરિગીત છંદમાં સ્તુતિ તેમજ વેણીચંદ ભાઈના આવકાર વિશે રચેલું ગાયન તેમજ પાઠશાળાની મદદ માટે તેમના પ્રયાસ સંબંધી રચેલો મનહર છંદ વિગેરે વાંચી સંભલાવ્યા હતા. સદરહુ વિદ્યાર્થીની રચેલી કવિતા સાંભળવાથી બહુજ પ્રમોદ થયો હતો. જેથી તેને ચાર રૂપિયા ઇનામના આપવામાં આવ્યા હતા.

આ વર્ષથી લઘુ કૌમુદી વીગેરેનો અભ્યાસ વિદ્યાર્થીઓને નહીં કરાવવાનો નિર્ણય થયો છે. માત્ર શ્રીમદ્ હેમચંદ્ર આચાર્ય રચિત સિદ્ધ હેમ લઘુ વૃત્તિ તથા બ્રહદ્‌વૃત્તિના વ્યાકરણ ગ્રંથોનો અભ્યાસ શરૂ કરાવવામાં આવ્યો છે. આ વ્યાકરણના ગ્રંથો હાલમાં નવા છપાવવામાં આવ્યા છે. આ ગ્રંથો છપાવતાં જ્ઞાનની આશાતના ન થવા સંબંધી સંપૂર્ણ કાળજી રાખવામાં આવી છે. જ્યારે બીજા શાસ્ત્રીઓ આ વ્યાકરણના ગ્રંથોનું અવલોકન કરે છે ત્યારે તેઓ આશ્ચર્ય પામી પોતાની અનહદ ખુશાલી જાહેર કરે છે. કેટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાએક નિર્મળ અંતઃકરણના શાસ્ત્રીઓ એવો અભિપ્રાય આપે છે કે આવા વ્યાકરણના ગ્રંથોનો અભ્યાસ કરવાનો પ્રચાર જૈનીઓમાં શરૂ થશે ત્યારેજ જૈન દર્શન વિદ્વાન મનુષ્યોની દૃષ્ટિમાં અત્યંત પ્રસિદ્ધિમાં આવશે.

હે જૈન સદ્‌ગૃહસ્થો—ઊદાર અંતઃકરણના નાયકો–તે પંડિતોની ધારણા કયારે ફલીભૂત થશે ? જ્યારે જૈન વિદ્યાર્થીઓનો અભ્યાસ કરવાનો ક્રમ પુનઃ જારી થશે ત્યારે. તેવો અભ્યાસ કરવાની પદ્ધતિ કયારે જારી થશે ? જ્યારે અભ્યાસના વર્ગો બંધાશે ત્યારે. તેવા અભ્યાસના વર્ગો કયારે બંધાય ? જ્યારે અભ્યાસ કરનારના વર્તમાનના તથા ભવિષ્યના સાંસારિક ઊત્તેજન માટે ઉદાર દિલના સદ્‌ગૃહસ્થો પુષ્કળ દ્રવ્યનો વ્યય કરવા સારૂ મોટા પાયા ઊપર આ પાઠશાળાના ફંડનું સ્થાપન કરે ત્યારેજ.

આ પાઠશાળામાં જૈન દર્શનના આચાર્યોએ રચેલા વ્યાકરણ, ન્યાય તથા સાહિત્યાદિક ગ્રંથોના અભ્યાસનો પ્રચાર વધારવા સારૂ પુષ્કળ દ્રવ્યનો વ્યય કરવાની જરૂર છે.

પ્રોફેસર હર્મન જેકોબી જે જૈન દર્શનના ગ્રંથોનો મોટો અભ્યાસ કરનારો છે તે એક પત્રમાં મુનિરાજ શ્રી ધર્મવિજયજીને જણાવે છે કે બનારસમાં તમે જે પાઠશાળાનું સ્થાપન કરેલું છે, તે અત્યંત ગૂઢ મતલબથી તમોએ સ્થાપન કરેલું મારા અનુમાનમાં આવે છે. ભૂતકાળનો ઇતિહાસ તપાસતાં જૈનોને વિદ્વાન થવામાં વિઘ્ન પાડનાર બ્રાહ્મણોજ હતા. આ સમયનો તમે બહુજ ઊત્તમ લાભ લીધો છે. જૈનો વિદ્વાન થાય અને જૈન દર્શનના ગ્રંથો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નો અતિ પ્રચાર થાય તે આપના અભિપ્રાયને હું ધન્યવાદ આપું છું. વળી મારો અભિપ્રાય એવો છે કે જ્યારે સમગ્ર જૈન મંડળ એક મત થશે અને સર્વ કોઈ પોતપોતાની શક્તિ મુજબ દ્રવ્યની મદદ આપશે અને તે દ્રવ્યના સંગ્રહથી જૈનાચાર્ય રચિત વ્યાકરણ, ન્યાય, સાહિત્ય વિગેરેના ગ્રંથો છપાવી પ્રસિદ્ધ કરવામાં આવશે અને જૈનના બાળકો તેનો અભ્યાસ કરવામાં નિરંતર ઉદ્યમી થઇ અખિલ આર્ય ભૂમિમાં પોતાના જ્ઞાનની સુગંધી ફેલાવવામાં મચ્યા રહેશે ત્યારેજ જૈન દર્શનની પુનઃ જાહોજલાલી થશે. વળી આ સમયે મારે કહેવું જોઇએ કે જૈનની માતૃ ભાષા માગધી જે લુપ્ત પ્રાય થઇ ગયેલ છે તેનો ઉદ્ધાર કરવાની પણ સંપૂર્ણ આવશ્યકતા છે.

વિદ્યાર્થીઓને બોર્ડીંગ સંબંધી સર્વ પ્રકારની સગવડ છે પરંતુ રહેવાના-મકાનની ખાસ અગવડ છે તે દૂર કરવા માટે તથા પાઠશાળાને મોટા પાયા ઉપર લાવવા માટે તન, મન, ધનથી મદદ આપવાની પ્રત્યેક જૈન બંધુની ફરજ છે. દિનપર દિન વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થતો જાય તેમ તેમ ખર્ચ પણ વધતો જશે. પાંચ વર્ષની મુદતમાંજ સારા વિદ્વાનો થવાનો સંભવ છે. તેથી વિનંતિ કરવામાં આવે છે કે માત્ર આ લખાણ વાંચવાથી પાઠશાળાનો હેતુ પાર પડનાર નથી. જેની જેની જેવી જેવી શક્તિ છે તેવી તેવી શક્તિનો આ પાઠશાળાના સંબંધમાં ઉપયોગ કરવાનો છે. આ પાઠશાળાના સંબંધમાં ધનવાનો પોતાની ઉદારતાનો ઉપયોગ કરી સારૂ ફંડ ઊભું કરશે તો તે ફંડની મદદથી આ પાઠશાળામાંથી પાસ થયેલા વિદ્વાનોને મોટા પગાર આપી તે મદદેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાએકને તેમની યોગ્યતા મુજબ જૈન ધર્મના તત્વો સંબંધી જાહેર ઉપદેશકો નિમવામાં આવશે.

જુદા જુદા શેહેરો તથા ગામોમાં જ્યાં જ્યાં જૈન વિદ્યાશાળાએ છે ત્યાં ત્યાં સારા પગારથી શિક્ષકો તરીકે દાખલ કરવામાં આવશે. જૈન ધર્મનું કેળવણી ખાતું પદ્ધતિ સર બનાવવામાં આવશે. અને એજ્યુકેશનલ ઇન્સ્પેકટર તથા ડેપ્યુટીએ પણ બનાવી આ પાઠશાળાના ફંડનો ઉત્તમ પ્રકારથી ઉપયોગ કરવામાં આવશે. જ્યારે આ પ્રમાણે વ્યવસ્થા થશે ત્યારેજ શાસનની ખરી ઉન્નતિ થશે.

# વર્ત્તમાન સમાચાર.

## શેહેર ભાવનગરમાં જૈન ડીરેક્ટરી.

બીજી જૈન કાન્ફરન્સમાંથી આવ્યા બાદ કોન્ફરન્સમાં થયેલી સૂચનાનુસાર શેહેર ભાવનગર મધ્યેના જૈનોની ડીરેકટરી શરૂ કરવાનું કામ હાથ ઉપર લેવામાં આવ્યું છે. શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના, શ્રી આત્મારામજી જૈન લાઇબ્રેરીના, ધી જૈન યુનિયન કલબના અને શ્રી જૈનધર્મ પ્રબોધક સભાના સભાસદોનું એકત્ર મંડળ થઇ **જૈન ડીરેકટરી સભાનું** સ્થાપન કરી આ કામનો આરંભ કરવામાં આવ્યો છે કામને અંગે જોઇતા સુપરવાઈઝરો અને વોલન્ટીઅરોની ગોઠવણ કરવામાં આવી છે. જેનો સવિસ્તર રિપોર્ટ કામ સંપૂર્ણ થયા બાદ પુસ્તકને આકારે પ્રસિદ્ધ કરવામાં આવશે. આ પદ્ધતિને અનુસારે જુદા જુદા શેહેરો તથા ગામોમાં તે તે સ્થળના આગેવાનો તથા ઉમંગી યુવાનો પોતપોતાના સ્થળની ડીરેકટરી તૈયાર કરશે તો આવતી કાન્ફરન્સમાં ડીરેકટરી સંબંધી કાંઇક દિગ્દર્શન થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પન્યાસ પદવી.

ધ્રાંગધરા મુકામે શ્રી મદ્ વિજયાનંદ સૂરિના શિષ્ય શ્રી હંસવિજયજી મહારાજના શિષ્ય શ્રી સંપતવિજયજી મહારાજને વૈશાક શુદ ૧૦ ના રોજ મહોત્સવ સહિત પન્યાસ પદ આપવામાં આવ્યું છે. પન્યાસ પદ આપવા સંબંધીની ક્રિયા પન્યાસજી શ્રી કમલવિજયજી મહારાજના હાથથી કરવામાં આવીછે. પન્યાસ પદવી આપવાના સમય ઊપર શ્રી હંસવિજયજી મહારાજ પણ જુદે જુદે સ્થલે વિહાર કરતા કરતાં ધ્રાંગધરા મુકામે પધાર્યા હતા. પન્યાસ પદવીને યોગ્ય ચારિત્રના ઊત્તમ ગુણો શ્રી સંપત વિજયજી મહારાજમાં ચળકે છે તે જાણી તેઓ સાહેબને ધન્યવાદ ઘટે છે.

# વડનગરમાં જૈન સંસ્કૃત પાઠશાળા.

**વડનગરથી શા. નગીનદાસ જેઠાભાઇ લખે છે કે—**

આ શેહેરમાં મરહુમ શેઠ ઉત્તમલાલ ભાઇચંદના ટ્રસ્ટ ફંડમાંથી વૈશાક વદી ૫ બુધવારના રોજ પન્યાસજી શ્રી પ્રતાપ વિજયજી મહારાજના ઊપદેશથી તેમના પ્રમુખપણા નીચે આ પાઠશાળાનું સ્થાપન કરવામાં આવ્યું છે. હાલમાં અધ્યાપક તરીકે પંડિત કસ્તુર વસંતરામ પાટણવાળાની નિમણુંક કરવામાં આવી છે. શરૂઆતમાં વીશથી પચીસ છોકરાઓ તથા તેટલીજ સંખ્યામાં કન્યાઓ વિદ્યાભ્યાસ કરે છે. અભ્યાસ કરનારાઓને મહીને મહીને ઈનામ આપવાની ગોઠવણ કરવામાં આવી છે.

For Private And Personal Use Only